

# અંતર વરસે
# અનરાધાર – ૧

# અંતર વરસે અનરાધાર-૧

બ્રહ્મસ્વરૂપ પ.પૂ. હરિપ્રસાદસ્વામીજી મહારાજે
પ્રગટ ગુરુહરિ પ.પૂ. પ્રેમસ્વરૂપસ્વામીજી મહારાજ માટે
પોતાની પરાવાણી દ્વારા જે આશીર્વચનો ઉચ્ચાર્યા છે
એ હૃદયોદ્‌ગારોની ઝાંખીનો સંપૂટ
**અંતર વરસે અનરાધાર, ભાગ-૧**
પ્રગટ ગુરુહરિ પ.પૂ. પ્રેમસ્વરૂપસ્વામીજી મહારાજના
૭૯મા પ્રાગટ્ય પર્વ પ્રસંગે
આપની સમક્ષ પ્રસ્તુત કરતાં આનંદ અનુભવીએ છીએ.

માગશર વદ–૯, સંવત્–૨૦૮૦,
તા. ૦૫–૦૧–૨૦૨૪, શુક્રવાર

 

# પ્રગટ ગુરુહરિ પ્રેમસ્વરૂપસ્વામીજી માટેના બ્રહ્મસ્વરૂપ હરિપ્રસાદસ્વામીજીના હૃદયોદ્‌ગારો...

પ્રેમસ્વરૂપસ્વામીનો જન્મદિવસ મને ગમે છે.
કારણ...,
પ્રેમસ્વરૂપ એટલે મરણિયો સાધુ...
એની પ્રીતિ કો'ક જુદી છે.
વ્યવહારથી પર..., બુદ્ધિથી પર...,
એની પ્રીતિમાં અહમ્‌નો કોઈ લેશ નહીં.
સેવક થઈને સહુમાં ખોવાઈ જઈને
પ્રેમસ્વરૂપસ્વામીએ આધ્યાત્મિક દુનિયામાં
એક નવો દાખલો બેસાડ્યો છે.

---

તા. ૦૬-૧૨-૧૯૭૯, ઊભરાટ શિબિર

 

# પ્રગટ ગુરુહરિ પ્રેમસ્વરૂપસ્વામીજી માટેના બ્રહ્મસ્વરૂપ હરિપ્રસાદસ્વામીજીના હૃદયોદ્ગારો...

પ્રેમસ્વરૂપે સેવાની
પૂર્ણાહુતિ કરી નાંખી છે.
હવે એથી બીજી કોઈ
સેવા કરવાની રહી નહીં.
ગુણાતીતાનંદસ્વામી અને
ભગતજી મહારાજ જેવાં
સનાતન ચૈતન્ય સ્વરૂપોએ જેવી સેવા કરી
એવી સેવાની પૂર્ણાહુતિ કરી નાંખી છે.

તા. ૨૭-૧૨-૧૯૭૪, સોખડા હરિમંદિર





## પ્રગટ ગુરુહરિ પ્રેમસ્વરૂપસ્વામીજી માટેના બ્રહ્મસ્વરૂપ હરિપ્રસાદસ્વામીજીના હૃદયોદ્‌ગારો...

પ્રેમસ્વરૂપસ્વામીનો જન્મદિવસ...
એક નિષ્કામ પુરુષ,
એક પવિત્ર પુરુષનો જન્મદિવસ છે.
જેની સેવા એ ભગવાનની સેવા
એવા એ સાધુનો આજે જન્મદિવસ છે.
જેનાં દર્શન એ ભગવાનનાં દર્શન
એવા સાધુનો આજે જન્મદિવસ છે.

તા. ૨૬-૧૨-૧૯૮૬, જ્ઞાનયજ્ઞ દેરી, હરિધામ

 

# પ્રગટ ગુરુહરિ પ્રેમસ્વરૂપસ્વામીજી માટેના બ્રહ્મસ્વરૂપ હરિપ્રસાદસ્વામીજીના હૃદયોદ્‌ગારો...

પ્રેમસ્વરૂપસ્વામી...;
જેને જમાડવાથી તમારું
પ્રારબ્ધ બદલાઈ જાય એવો સાધુ.
કોઈના વિશે અભાવ કે
ભાવફેર નહીં એવો સાધુ.
પ્રભુ વગર કોઈ હલનચલન નહીં
એવો સાધુ.

તા. ૨૦-૦૭-૧૯૭૯, રાજકોટ પારાયણ





## પ્રગટ ગુરુહરિ પ્રેમસ્વરૂપસ્વામીજી માટેના બ્રહ્મસ્વરૂપ હરિપ્રસાદસ્વામીજીના હૃદયોદ્ગારો...

પ્રેમસ્વરૂપસ્વામી
નિષ્કામધર્મને ધારણ કરનાર સાધુ છે.
એમના સમાગમથી,
એમની સેવાથી,
એમની સાથે મૈત્રી બાંધીને
આપણે પણ આપણા આત્માને
યોગીજીમહારાજ જેવો
આત્મા બનાવવો છે.

તા. ૦૩-૧૦-૨૦૧૮, યોગીપ્રાર્થના હૉલ

 

# પ્રગટ ગુરુહરિ પ્રેમસ્વરૂપસ્વામીજી માટેના બ્રહ્મસ્વરૂપ હરિપ્રસાદસ્વામીજીના હૃદયોદ્‌ગારો...

પ્રેમસ્વામી આખા વર્લ્ડના છે.
વર્લ્ડ લેવલે હું એમને મૂકવાનો છું.
પ્રેમસ્વામી સાથે
આખા ગુણાતીત સમાજને દોસ્તી કરાવવાનો છું.
હવે એ આખા ગુણાતીત સમાજમાં આવવાના.
નિર્વિકલ્પપણે ભજન કરનાર પ્રેમસ્વામી છે.

તા. ૨૪-૧૧-૨૦૧૮, અનિર્દેશ





## પ્રગટ ગુરુહરિ પ્રેમસ્વરૂપસ્વામીજી માટેના બ્રહ્મસ્વરૂપ હરિપ્રસાદસ્વામીજીના હૃદયોદ્‌ગારો...

આજે પ્રેમસ્વરૂપસ્વામીનો જન્મદિવસ છે.
એ સાધુ એવા છે કે ના સંભારવો હોય
તોય સંભારવો પડે. શાથી ?!
એની એટલી જ વિશેષતા...
એક જ વાર સૂચન કરવું પડે,
એને બીજી વખત સૂચન ના કરવું પડે.
બસ, અણસારમાં જ સમજી જાય.
એક જ વાર કહેવું પડે.

---

તા. ૨૭–૧૨–૧૯૮૩, ઊભરાટ શિબિર





# પ્રગટ ગુરુહરિ પ્રેમસ્વરૂપસ્વામીજી માટેના બ્રહ્મસ્વરૂપ હરિપ્રસાદસ્વામીજીના હૃદયોદ્‌ગારો...

એના દેહનો ઉપયોગ સેવાકાર્ય માટે કાળી રાત્રે ગમે તેવી વિચિત્ર પરિસ્થિતિમાં પણ કરવાનું સહજ મન થાય.
કેવી પ્રીતિ હશે ? એને કાંઈ ના કહેવું પડે.
મોટાપુરુષ તમારી ઉપર અધિકાર
કરી શકે એનું નામ પ્રીતિ.
સ્વપ્નામાં એના મન–બુદ્ધિને મોટાપુરુષની રીતે વર્તાવવા માટે એક સેકન્ડના લાખમાં ભાગ પૂરતો પણ કિંચિત્ કોઈ વિચાર ના કરવો પડે.

તા. ૨૭–૧૨–૧૯૮૩, ઊભરાટ શિબિર

 

## પ્રગટ ગુરુહરિ પ્રેમસ્વરૂપસ્વામીજી માટેના બ્રહ્મસ્વરૂપ હરિપ્રસાદસ્વામીજીના હૃદયોદ્‌ગારો...

મંદિરના કામની આજે શરૂઆત થાય છે.
પ્રેમસ્વરૂપસ્વામી જેવા એકાવધાની સાધુનો
આજે જન્મદિવસ છે એટલે
બ્રહ્માંડમાં કોઈ મુહૂર્ત શોધવાની વાત રહી નહીં.
ગ્રહોની ગતિઓ સાનુકૂળ બને.
કાળનો કાયદો સાનુકૂળ બની જાય.
માયા બિચારી દૂર ઊભી રહે,
પ્રવેશવાની કોઈ તાકાત નથી.

તા. ૨૭–૧૨–૧૯૭૮, હરિધામ મંદિરનું ખાતમુહૂર્ત

 

## પ્રગટ ગુરુહરિ પ્રેમસ્વરૂપસ્વામીજી માટેના બ્રહ્મસ્વરૂપ હરિપ્રસાદસ્વામીજીના હૃદયોદ્‌ગારો...

સહજ વિનમ્રતા, સહજ પ્રસન્નતાનાં દર્શન થાય
એવા ભગવદી પ્રેમસ્વરૂપસ્વામી છે.
એના પ્રસંગમાં પડી રહેવું એનું નામ એકાંતિકપણું.
એમને ઓશિયાળા ના કરવા,
એમના તાલે તાલ નાચવું,
એમના સૂચનને શિરોમાન્ય કરી નાંખવું,
એનું નામ એકાંતિકપણું.

તા. ૨૭-૧૨-૧૯૭૮, હરિધામ મંદિરનું ખાતમુહૂર્ત

 

## પ્રગટ ગુરુહરિ પ્રેમસ્વરૂપસ્વામીજી માટેના બ્રહ્મસ્વરૂપ હરિપ્રસાદસ્વામીજીના હૃદયોદ્‌ગારો...

આજે પ્રેમસ્વરૂપસ્વામીનો જન્મદિવસ !
આ સાધુ મને ગમે છે. સહજ સંભારું...!
એની પ્રીતિ કો'ક જુદી છે.
અલ્પવચનમાં મહત્‌વચનનો ભાવ લાવીને વર્તે,
મનુષ્યભાવ અને દિવ્યભાવ એક કરીને વર્તે
એ પ્રકારની કો'ક પ્રીતિ જુદી છે.
એની એક જ ભાવના –
'તમે કહો એમ જ કરવું છે.'

---

તા. ૨૭-૧૨-૧૯૭૯, સ્વામિનારાયણ ફાર્મ, વડોદરા

 

## પ્રગટ ગુરુહરિ પ્રેમસ્વરૂપસ્વામીજી માટેના બ્રહ્મસ્વરૂપ હરિપ્રસાદસ્વામીજીના હૃદયોદ્ગારો...

એણે મૂળ ફંડામેન્ટલ પકડ્યો – ‘રાંક અવસ્થા.’
એ ગુણાતીતની સર્વોપરી અવસ્થા !
આજે એને નથી કોઈનો અભાવ,
નથી કોઈની પાસે અપેક્ષા.
અલ્પ સંબંધવાળાની સાથે
એનું દાસત્વ ત્રિકાળમાંય જતું નથી.
એવા કો’ક ભગવાનના મંગલકારી
નિર્મળ ભગવદી સંતનો આજે જન્મદિવસ !

તા. ૨૭–૧૨–૧૯૭૯, સ્વામિનારાયણ ફાર્મ, વડોદરા




## પ્રગટ ગુરુહરિ પ્રેમસ્વરૂપસ્વામીજી માટેના
## બ્રહ્મસ્વરૂપ હરિપ્રસાદસ્વામીજીના હૃદયોદ્‌ગારો...

પ્રેમસ્વરૂપસ્વામી રીયલ સાધુ છે.
એમને કોઈનાય વિષે
અરુચિ–ભાવફેર નહીં.
શુદ્ધ સ્વધર્મ !
એમની પાસે સરળ થઈને દોડ્યા કરજો.
૩૯ કલ્યાણકારી ગુણ બક્ષિસમાં મળી જશે.
સરળ થઈને દોડ્યા કરજો.

તા. ૦૨–૦૪–૨૦૧૯, હરિધામ

 

# પ્રગટ ગુરુહરિ પ્રેમસ્વરૂપસ્વામીજી માટેના બ્રહ્મસ્વરૂપ હરિપ્રસાદસ્વામીજીના હૃદયોદ્‌ગારો...

હવે એ તમારા લીડર થવાના.
એમને બે હાથ જોડીને કહેજો કે –
ટોકતા રહેજો, ભૂલ દેખાડતા રહેજો.
એમની સાથે દોસ્તી થઈ જશે તો
હઠ–માન–ઈર્ષા જતાં રહેશે.
શુભ વિચારો પ્રગટશે.
વચ. પ્ર–૨૭, ૩૭, ૬૨, જે–૪ અને ૫
એ પ્રમાણે નિષ્ઠા પાકી થઈ જશે.

તા. ૦૨–૦૪–૨૦૧૯, હરિધામ





# પ્રગટ ગુરુહરિ પ્રેમસ્વરૂપસ્વામીજી માટેના બ્રહ્મસ્વરૂપ હરિપ્રસાદસ્વામીજીના હૃદયોદ્‌ગારો...

આજે આપણે શ્રદ્ધા અને વિશ્વાસનો
જન્મદિવસ ઊજવી રહ્યા છીએ.
પ્રેમસ્વરૂપસ્વામીની શ્રદ્ધાની વાત કરું છું.
એકધારી શ્રદ્ધા અને વિશ્વાસનો સમન્વય છે.
એના દેહનો ઉપયોગ
મંદિરની સેવા માટે ગમે ત્યારે હું કરી શકું
એવો એક આગવો મારો ને
એનો કો'ક સંબંધ છે.

તા. ૨૬–૧૨–૧૯૮૯, ઊભરાટ શિબિર

 

## પ્રગટ ગુરુહરિ પ્રેમસ્વરૂપસ્વામીજી માટેના બ્રહ્મસ્વરૂપ હરિપ્રસાદસ્વામીજીના હૃદયોદ્‌ગારો...

હું ચોક્કસ કહી શકીશ કે પ્રેમસ્વરૂપસ્વામી ખૂબ જ સરળ છે. એનામાં બુદ્ધિ છે છતાંયે ક્યારેય કોઈ સંજોગોમાં એણે બુદ્ધિનો ઉપયોગ કર્યો નથી, કર્યો હોય તો પ્રોપર ચેનલમાં. પ્રેમસ્વરૂપસ્વામીની વિશેષતા એટલી જ છે કે શ્રદ્ધા અને વિશ્વાસનો સમન્વય એના જીવનમાં દેખાય છે. એની પ્રગતિ વણથંભી જ છે, આપણે એ માર્ગે જવું છે.

તા. ૨૬-૧૨-૧૯૮૯, ઊભરાટ શિબિર





# પ્રગટ ગુરુહરિ પ્રેમસ્વરૂપસ્વામીજી માટેના બ્રહ્મસ્વરૂપ હરિપ્રસાદસ્વામીજીના હૃદયોદ્‌ગારો...

પ્રેમસ્વરૂપસ્વામી...;
એમની સાથે હું રહેવાનો છું.
બહુ ખુલ્લા સાધુ છે, સરળ સાધુ છે,
વિવેકી સાધુ છે, પ્રેમાળ સાધુ છે.
દાસના દાસ થઈને વર્ષોથી ઉઠાવ લે છે.
અમારા ૧૫૦ સાધુમાં સહુથી વધારે જવાબદારી
એમના માથે છે. સાધુ હરિપ્રસાદના માથે નહીં !
એમના હાથ નીચે ૨૪ પ્રાદેશિક સંતો છે.

---

તા. ૨૩-૦૮-૨૦૧૮, અમેરિકા